ESSAR SHIPPING
**Essar Shipping Limited**
Essar House
11 K.K.Marg
Mahalaxmi
Mumbai- 400 034

Corporate Identification Number
L61200GJ2010PLC060285
T + 91 22 6660 1100
F + 91 22 2354 4312
www.essar.com

Date**: 4th September, 2021**

The Manager
Listing Department
**BSE Limited,**
Phiroze Jeejeebhoy Towers,
Dalal Street,
Mumbai-400 001
Fax: +91 22 2272 2082/3132
BSE Code: 533704

The Manager
Bandra Kurla Complex
"Exchange Plaza"
**National Stock Exchange of India Limited**
Listing Department
Bandra (E)
Fax: +91 22 2659 8237/38
Mumbai – 400 051
NSE Code: ESSARSHPNG

The Manager
Bandra Kurla Complex
"Exchange Plaza"
**National Stock Exchange of India Limited**
Wholesale Debt Department
Bandra (E)
Fax: +91 22 2659 8237/38
Mumbai – 400 051
NSE Code: ESSARSHPNG

Dear Sir / Madam,

**Subject: Submission of Newspaper Publication giving prior intimation for the 11th Annual General Meeting (AGM) of the Company – Regulation 30.**

Pursuant to Regulation 30 read with Part C of Schedule III of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, and in compliance with the Circular issued by the Ministry of Corporate Affairs and SEBI, please find enclosed herewith Newspaper Publication published for Shareholders in Jai Hind & Business Standard informing, inter alia, that:

1. The 11th Annual General Meeting ('AGM') of the members of the Company is scheduled to be held on **Wednesday, 29th September 2021 at 3:00 PM (IST)** through Video Conference ('VC') / Other Audio Visual Means ('OAVM!) without physical presence of members at a common venue;

2. The Notice of the 11th AGM and Annual Report for FY 2020-2021 will be sent to all the members whose email addresses are registered with the Company/ Depository Participants (DPs) and requesting the members to update their email addresses; and

3. The Company has arranged remote e-voting/ e-voting facility for the said AGM.

This is for your information and records.

Thanking you.

Yours faithfully,

**For Essar Shipping Limited**

SUBIMAL MAHATO

Digitally signed by SUBIMAL MAHATO
DN: c=IN, o=Personal, pseudonym=13dc52476a99eaa5893109f56eec0e065ec2199fec9c7d5139663fb32c71da27, postalCode=700156, st=WEST BENGAL, serialNumber=af9c9cb8ef11d9acebca49fb46b42f33823c5815a81ac78fc74f691159495aa3, cn=SUBIMAL MAHATO
Date: 2021.09.04 17:16:06 +05'30'

**Capt. Subimal Mahato**
**Whole time Director**
**DIN: 08867107**

**Encl: As above**

# પાટડીના ઝિંઝુવાડા ગામે પાણી ઢોળવા મુદ્દે આધેડની હત્યા

## પડોશીને ઠપકો આપવા ગયેલા આધેડ પર મહિલા સહિત ચાર તલવાર લઇ તુટી પડયા

(પ્રતિનિધિ દ્વારા)

પાટડી,તા.૩

પાટડી તાલુકાના ઝીંઝુવાડા ખાતે પાણી ઢોળવા જેવી સામાન્ય બોલાચાલીમાં હત્યાનો અંજામ અપાયો હતો જેમા ચાર શખ્સો દ્વારા તલવાર સહિતના તિક્ષ્ણ હથિયારોથી હુમલો કરતા ગંભીર રીતે ઇજાઁ પામેલા ઇજાઁગ્રસ્ત સારવાર દરમિયાન મોત નિપજ્યું હતુ.

પ્રાપ્ત વિગતો અનુસાર પાટડી તાલુકાના ઝીંઝુવાડા ગામે રહેતા ચંદ્રસિંહ ઝાલાના દિકરા દિગ્વીજયસિંહ પોતાના રહેણાંક મકાને હતા તેવા સમયે પાડોશીને ફરીયાદ પાણી ઢોળવા બાબતે મનાઇ કરતા બોલાચાલી થઇ હતી જે બાદ મામલો થાળે પડી જતા થોડા સમય બાદ ચંદ્રસિંહ ઘેર આવતા પોતાના પરિવારજનો દ્વારા સમગ્ર



ઝગડાની વાતચીત ચંદ્રસિંહના ધ્યાને આવતા તેઓ દ્વારા પાડોશીને પાણી ઢોળવા બાબતે થયેલ બાબતની સમજાવટ કરી ઠપકો આપવા જતા પાડોશી પ્રરણસિંહ ભિખુભા, મહિપતસિંહ ભીખુભા, સિધ્ધરાજસિંહ ભીખુભા તથા તખીબા ભીખુભા વચ્ચે બોલાચાલી ઉગ્ર થઇ હતી જે સમય દરમિયાન આ ચારેય શખ્સો દ્વારા તલવાર તથા તિક્ષ્ણ હથીયાર વડે ચંદ્રસિંહ પર હુમલો કરતા ઇજાઁ પામી હતી. હુમલામા ગંભીર રીતે ઘવાયેલા ઇજાઁગ્રસ્તને તાત્કાલિક સારવાર અર્થે પાટડી સરકારી હોસ્પીટલ ખાતે લઇ જવામાં આવ્યા હતા. આ તરફ સ્થાનિક પોલીસ ને બનાવની જાણ થતા જ પીએસઆઇ વી.પી.મલ્હોતરા , હેડ કોન્સ્ટેબલ રણછોડભાઇ ભરવાડ સહિતનો સ્ટાફ હોસ્પીટલ ખાતે પહોચ્યો હતો. જ્યારે સારવાર દરમિયાન ચંદ્રસિંહ મોત નિપજ્યું હતુ બીજી તરફ ચંદ્રસિંહ પર હુમલો કરી હત્યા કરનાર એક મહિલા સહિત ચારેય શખ્સો વિરુધ્ધ ફરીયાદ નોંધી તમામને ઝડપી પાડવા સ્થાનિક પોલીસે ચક્રો ગતિમાન કર્યાઁ છે

# જુનાગઢમાં પરશુરામની પ્રતિમા દુર કરવાની નોટીસથી ભુદેવો દ્વારા શરૂ ઉપવાસ આંદોલન

## મનપાની નીતિના વિરોધમાં ઉપવાસમાં ઉતરેલા બ્રાહ્મણોને ટેકો આપતુ ભાજપ

(પ્રતિનિધિ દ્વારા)

જુનાગઢ તા. ૩

જુનાગઢ મહાનગરમાં ખડકાયેલા અનેક ગેરકાયદે બાંધકામ અને દબાણોને નજર અંદાજ કરીને જૂનાગઢ મનપાએ ભગવાન પરશુરામની પ્રતિમા હટાવવા બ્રહ્મા યુવા સંગઠનના સ્થાપક તથા પ્રમુખને નોટિસ આપતા, જૂનાગઢના ભૂદેવ લાલઘૂમ થયા છે અને પોતાના આરાધ્યદેવ પરશુરામ દાદાની પ્રતિમા હટાવવાની હિલચાલ પણ થશે તો ભૂદેવો આકરા પાણીએ તંત્રની સામે આવશે તેવી સોશિયલ મીડિયામાં ભારે અને ગરમાગરમ ચર્ચાઓ ચાલી રહી છે. દરમિયાન સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનના સુપ્રીમો જયદેવ જોશી તથા સ્થાપક કાર્તિક ઠાકર દ્વારા આજ સાંજથી અન્નજળ ત્યાગી આંદોલનના મંડાણ કરી દેવામાં આવ્યા છે, અને મોટી સંખ્યામાં બ્રહ્મ અગ્રણીઓ, યુવકો પણ ઉપવાસ આંદોલનમાં જોડાઈ ગયા છે, તો સત્તાધારી ભાજપના કોર્પોરેટર પણ ઉપવાસી છાવણીની મુલાકાત લઈ ટેકો જાહેર કરતા, તંત્ર પણ વિમાસણમાં મુકાયું હોવાનું સંભળાઈ રહ્યું છે.

જૂનાગઢના ગિરનાર દરવાજા પાસે સોનાપુરી સર્કલ ખાતે ગત તા. ૨૦ ઓગસ્ટના રોજ જૂનાગઢના સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન દ્વારા ભગવાન પરશુરામની એક પ્રતિમાની સ્થાપવામાં આવી હતી જેને લઇને જૂનાગઢ શહેરના ભૂદેવોમાં હર્ષની લાગણી ફેલાઈ હતી અને સંગઠનના આ શુભ કાર્યથી શહેરના ભૂદેવો દ્વારા શુભેચ્છા વર્ષા થઇ રહી હતી.

તો બીજી બાજુ જૂનાગઢ મનપા દ્વારા સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનના સંસ્થાપક સુપ્રીમો જયદેવ જોશી, સંસ્થાપક કાર્તિક ઠાકર તથા પ્રમુખ આશિષ ઉપાધ્યાયને એક નોટિસ આપવામાં આવી હતી અને પ્રતિમા મુકવા માટે સક્ષમ તંત્રની કોઇ મંજૂરી કે અનુમતિ મેળવવામાં આવી હોય તેવા આધાર પુરાવા રજુ કરેલ નથી જેથી આગામી દિવસ ૩ માં ભગવાન પરશુરામની પ્રતિમાને દૂર કરવામાં આવશે એવું જણાવવામાં આવતા, જૂનાગઢ મહાનગર સહિત સૌરાષ્ટ્રના ભૂદેવોમાં એક ભયંકર રોષ ફાટી નીકળ્યો છે, અને આ બાબત બ્રહ્મ સમાજ સહિતના વિવિધ સોશિયલ મીડિયા ગ્રુપમાં ભારી નારાજગી સાથે વાયરલ થઇ રહી છે. અને મનપાની બેધારી નીતિ સામે રોષ પ્રગટ થઈ રહ્યો છે.

આ અંગે સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનના સુપ્રીમો જયદેવ જોશીએ જણાવ્યું હતું કે, ભૂદેવોના આરાધ્ય દેવ અને ભગવાનના છઠા અવતાર તથા સમગ્ર હિન્દુ સમાજના દેવ ભગવાન પરશુરામની પ્રતિમાની વિધિવત રીતે સ્થાપના કરવામાં આવી છે, અને જો તંત્ર દ્વારા આ પ્રતિમાને હટાવવાની હીન પ્રવૃત્તિ કરવાની કોશિશ પણ કરવામાં આવશે તો, અમે લોહી રેડી દઈશું પણ પ્રતિમા તો કોઈ કાળે હટાવા નહિ દઈએ.

જ્યારે બ્રહ્મા યુવા સંગઠનના સ્થાપક કાર્તિક ઠાકરે જણાવ્યું હતું કે, શહેરમાં અનેક રાજકીય વ્યક્તિઓ તથા મોટા માથાઓના ગેરકાયદેસર બાંધકામો ખડકાયા છે, જેને હટાવવા છેલ્લી નોટિસો અપાઇ ગઇ હોવા છતાં આ નોટિસો કાગળિયા બની પડ્યા પડ્યા સડી ગયા છે તેમ છતાં રાજકીય આગેવાનોની ગેરકાયદેસર બિલ્ડિંગોને તોડી પાડવામાં આવતી નથી, આ ઉપરાંત શહેરમાં અનેક સ્થળે ધાર્મિક દબાણ થયા છે તથા શહેરના વોકળા પરના દબાણો પણ મનપા દ્વારા હટાવાતા નથી. તેના બદલે ભૂદેવોના આરાધ્ય દેવ ભગવાન પરશુરામની મૂર્તિને હટાવવાનું મનપાને જે શૂરાતન ચડયું છે તે યોગ્ય નથી. પહેલા મનપા જૂનાગઢના મગરમચ્છઓએ ખડકી દીધેલા ગેરકાયદેસર બાંધકામો અને વોકળા પરના દબાણો દૂર કરે, પછી ભગવાન પરશુરામની પ્રતિમા હટાવવાની વાત કરે, તેમ છતાં જો મનપા તંત્ર પ્રતિમા હટાવવાનો જરા પણ પ્રયાસ કરશે તો, જૂનાગઢ શહેરના ૩૬ હજારથી વધુ ભૂદેવોનો સામનો કરવાનો રહેશે દરમિયાન આજ સાંજથી સંસ્થાના સુપ્રીમો જયદેવ જોશી, કાર્તિક ઠાકર દ્વારા અન્ન જળનો ત્યાગ કરી જ્યાં સુધી આ બાબતે યોગ્ય નહિ થાય ત્યાં સુધી અનસન આંદોલન આરંભી દીધું છે, અને સંગઠનના પ્રમુખ આશિષ ઉપાધ્યાય સહિતના બ્રહ્મ અગ્રણીઓ ઉપવાસમાં મોટી સંખ્યામાં જોડાયા છે, તો મનપાના કોર્પોરેટર, આરતીબેન જોશી, આદ્યશક્તિ બેન મજમુદાર, હરેશ પરસાણા, ધર્મેશ પોશિયા, સહિતના સતાધારી ભાજપના કોર્પોરેટર ઓએ છાવણીની મુલાકાત લીધી હતી અને ટેકો જાહેર કર્યો છે.

# કાલાવડના નવાગામના ખેડૂતોએ વીજ પ્રશ્ને રામધૂન બોલાવી

## ૬૬ કેવી સબ સેન્ટરમાં ઉગ્ર રજૂઆતઃ અધિકારીએ નિરાકરણની ધરપત આપી

(પ્રતિનિધિ દ્વારા)

નવાગામ તા.૩

જામનગર જીલ્લાના કાલાવડ તાલુકાના નવાગામ, મોટી વાવડી, ધુન ધોરાજી સહિતના ખેડૂતો આજે સવારે ૬૬ કેવી સબ સેન્ટર ખાતે ખેડૂતો દ્વારા ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક દિવસોથી વાડી વિસ્તારની લાઈટમાં વારંવાર ધાંધિયા થાય અને ટેલિફોન દ્વારા જાણ કરવામાં આવે તો સંતોષકારક જવાબ ન મળતાં ખેડૂતો નારાજ થયા છે.

કાલાવડ તાલુકાના નવાગામ, મોટી વાવડી, ધુન ધોરાજી સહિતના ખેડૂતો આજે સવારે ૬૬ કેવી સબ સેન્ટર ખાતે ખેડૂતો દ્વારા ઉગ્ર રજૂઆત કરવા આવી પહોંચ્યા હતા. ખેડૂતો દ્વારા રામધુન બોલાવી વિરોધ કરવામાં આવ્યો હતો. તેમજ તમામ ફિડરો પણ બંધ કરાવ્યા



હતા. જેથી કાલાવડથી વીજ કચેરીના ઉપરી અધિકારી નવાગામ આવી પહોંચ્યા હતા અને ખેડૂતોને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને ખેડૂતો દ્વારા અધિકારીને ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. જેના પગલે વીજ અધિકારી તરફથી ખેડૂતોની રજૂઆત અંગે નિરાકરણ લાવવા આશ્વાસન આપ્યું હતું અને આગામી દિવસોમાં આ સમસ્યાનું સમાધાન થશે તેમ પણ જણાવ્યું હતું. ખેડૂતોએ મોંઘા ભાવના બિયારણ લઈને ખેતરમાં વાવેતર કર્યું છે અને ત્યારે આવા હેલ્પરના પાપે પુરતી લાઈટ ન મળતાં ખેડૂતોને નુકસાનીનો સામનો કરવો પડે છે જગતનો તાત ચિંતીત બન્યો છે.



# ઉના નજીક ડાઈવર્ઝન નહી દેખાતા કાર પુલ પરથી ખાબકી

## ઈજાગ્રસ્ત કારચાલકને સારવારમાં ખસેડાયો

(પ્રતિનિધિ દ્વારા) ઊના,તા.૩

ઊના ભાવનગર હાઇવે પર આવેલ ગાંગડાના બસસ્ટેશન પાસે પુલનું કામ શરૂ હોય જેથી હાઇવે દ્વારા પુલની બાજુમાંથી ડાઇવર્ઝન કાઢવામાં આવેલ છે. ત્યારે ઉના થી ભાવનગર તરફ જતી કારના ચાલક અચાનક ડાઇવર્ઝન હોવા છતાં સીધે સીધી પુલ ઉપર ચડાવી દેતા કાર ચાલક ફેજલભાઇને ઇજા પહોચી હતી. અને ઇજાગ્રસ્ત યુવાન લોહીલોહાણ હાલતમાં તાત્કાલીક ઉના સરકારી હોસ્પીટલે ખસેડવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે. આ અકસ્માત સર્જાતા કારનો આગળનું બોંકેટજો બુકડો થયેલ હતો. ઉના-ભાવનગર ફોર ટ્રેક રોડનું કામ છેલ્લા ઘણા વર્ષોથી ધીમીગતિએ ચાલતુ હોવાના કારણે અવાર નવાર હાઇવે પર ડ્રાઇવર્ઝનના કારણે અવાર નવાર નાના મોટા અસકમાતો રોજ સર્જાતા હોય છે. અને અકસ્માતમાં ઘણા લોકો જીવ પણ ગુમાવી ચુક્યા છે. ત્યારે હાઇવે ઓથોરીટી દ્વારા હાઇવે પર અધુરું કામ છોડી મુકતા હોવાથી અકસ્માત થતા હોય થોડાક દિવસ પહેલા ગાંગડા ગામ પાસે હાઇવેની સાઇડમાં રેલીંગ ન હોવાના કારણે ટ્રક પલ્ટી ખાતા ટ્રક ચાલકનો આબાદ બચાવ થયેલ હતો..

# જામનગરના ગોપ નજીક લકઝરી પલટી જતાં બાળકનું મોત, ૧૪ ઘવાયા

## દાહોદથી ભાણવડ આવતી બસને નડયો અકસ્માત

(પ્રતિનિધિ દ્વારા)

જામનગર તા ૩

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ગોપ ગામના પાટીયા પાસે આજે સવારે ખાનગી લકઝરી બસ પલટી જતા જતા અકસ્માત થયો હતો, અને માસૂમ બાળકીનું સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજ્યું હતું જ્યારે અન્ય ૧૪ જેટલા મુસાફરોને નાની-મોટી ઇજા થવાથી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. દાહોદ તરફથી મુસાફરો ભરીને ભાણવડ તરફ જઇ રહેલી ખાનગી લકઝરી બસ આજે સવારે ગોપ ગામના



પાટિયા પાસે પલટી મારી ગઇ હતી. ભારે વરસાદના કારણે બસ રોડ નીચે ઉતરી ગઈ હતી. જે અકસ્માતમાં એક માસૂમ બાળકીનું મૃત્યુ નિપજયુ હતું.જ્યારે અન્ય ૧૪ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજા થઈ હોવાથી સારવાર માટે ૧૦૮ નંબર ની જુદી-જુદી ચાર એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં ખસેડાયા છે. અકસ્માતના કારણે ટ્રાફિક જામ થયો હોવાથી જામજોધપુરની પોલીસ ટુકડી દોડતી ગઈ હતી. અને પોલીસે રસ્તો ખુલ્લો કરવા માટે અને બસ ને સીધી કરવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી. આ અકસ્માતને લઈને ઇજાગ્રસ્તો માં ભારે અફડા તફડી થઇ છે.

# દ્વારકામાં જગત મંદિરની સુરક્ષાર્થે નવી પોલીસ કચેરીનું થયું ઉદ્‌ઘાટન

## દ્વારકા મંદિરની સાથે શિવરાજપુર બીચની સુરક્ષાને પ્રાધાન્ય અપાશેઃ રાજય પોલીસવડા



(તસવીરઃ કુંજન રાડીયા- ખંભાળીયા)

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

વિશ્વ વિખ્યાત દ્વારકાધીશ મંદિરની સુરક્ષા અર્થે રાજ્યના પોલીસ વડા દ્વારા મંદીર નજીક આજરોજ ડીવાયએસપી કચેરીને ખુલ્લી મુકવામાં આવી હતી. દ્વારકાધિશ મંદિર પાસે ધીરુભાઈ અંબાણી માર્ગ પર સ્થિત મંદિર સુરક્ષા કચેરીના સંકુલમાં પોલીસ તંત્ર દ્વારા ખાસ કરીને મંદિર સુરક્ષા અર્થે વિવિધ પ્રકારની સુવિધાઓ સજ્જ કચેરીનું નિર્માણ કરવામાં આવ્યું હતું. દ્વારકાધીશ મંદિર માટે ડીવાયએસપી કચેરીને આજરોજ સવારે રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયાએ ખુલ્લી મુકતા જણાવ્યું હતું કે પશ્ચિમના છેવાડાના વિસ્તાર એવા દ્વારકા ખાતે દ્વારકાધીશ મંદિર ઉપરાંત હાલ વિશ્વના નકશા ઉપર અલગ પ્રતિભા સાથે ઉભરી આવેલા શિવરાજપુર બિચ પણ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. જેથી અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ સાથે પ્રવાસીઓ પણ ખાસ મુલાકાત લ્યે છે. મંદિર સાથે શિવરાજપુર બીચની સુરક્ષાને પ્રાધાન્ય આપવા સાથે અહીંની પોલીસ કચેરીને ખાસ કરીને લોકો માટે ખુલ્લી મુકવામાં આવી છે.

આ લોકાર્પણ પ્રસંગે રાજકોટ રેન્જના ડીઆઇજી સંદિપકુમાર તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા સુનિલ જોશી સાથે જોડાયા હતા જેમનું હોટેલ એસોસિએશન નિર્મલભાઈ સામાણી, ચંદુભાઈ બારાઈ, વિગેરે દ્વારા ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

નવનિર્મિત આ પોલીસ કચેરી કે જેની મુખ્ય જવાબદારી ડીવાયએસપી સમીર સારડાને સોંપવામાં આવી છે, આ લોકાર્પણ દરમ્યાન તેમની સાથે ડીવાયએસપી હિરેન્દ્ર ચૌધરી, નીલમબેન ગોસ્વામી તથા સ્થાનિક પી.આઈ. પી.બી ગઢવીએ પણ જોડાઈ અને રાજ્ય પોલીસ વડાને ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું. આ પ્રસંગે દ્વારકાધીશ મંદિર સુરક્ષા કચેરીને શાસ્ત્રોક્ત વિધિથી અને વૈદિક મંત્રોચ્ચાર સાથે બ્રહ્મ સમાજની ઉપસ્થિતિમાં લોકો માટે ખુલ્લી મુકવામાં આવી હતી.

# જામનગર શહેરમાં પ્રથમ દિવસે ૨૦, જિલ્લામાં ૩૬ ટકા છાત્રો હાજર

## ધોરણ ૬ અને ૮ના વર્ગ શરૂ થયા પણ વાલીઓ અવઢવમાં

(પ્રતિનિધિ દ્વારા)

જામનગર તા. ૩

ગઈકાલથી રાજ્યમાં ધો. ૬ થી ૮ ના વર્ગો શરૂ કરવામાં આવ્યા હતાં. પ્રથમ દિવસે શહેરી વિસ્તારમાં ૨૦ ટકા જેટલી અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૬ ટકા વિદ્યાર્થીઓની હાજરી નોંધાઈ હતી.

કોરોના વાઈરસના કારણે શાળા-કોલેજોમાં શૈક્ષણિક કાર્ય બંધ કરવામાં આવ્યું હતં. ત્યારપછી કોરોના વાઈરસ ફૂણો પડતા ક્રમશઃ શિક્ષણ કાર્યનો પૂનઃ પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. જેમાં ગઈકાલે ધો. ૬ થી ૮ ના વર્ગો નો પ્રારંભ કરવામાં આવ્યા હતો જામનગર મહાનગર પાલિકા ની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં સરેરાશ ૨૦ ટકા વિદ્યાર્થીઓ પ્રથમ દિવસે હાજર રહ્યા હતાં, જ્યારે જામનગરના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રથમ દિવસે આશરે ૩૬ ટકા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં. હજુ સાતમ-આઠમના તહેવારોની રજાનો માહોલ જોવા મળી રહ્યો છે, અને ગઈકાલે વરસાદી માહોલ પણ જળવાયો હતો. આથી હાજરી થોડી ઓછી જોવા મળી હતી. આગામી સોમવાર થી શાળા માં વિદ્યાર્થી ની સંખ્યામાં વધારો થશે તેમ જાણવા મળી રહ્યું છે.

# મોરબી પંથકમાંથી બે બાઇકની ચોરી

(પ્રતિનિધિ દ્વારા)

મોરબી તા. ૩

મોરબીના કુબેરનાથ રોડ પર રહેતા મહેન્દ્રસિંહ અજીતસિંહ ચૌહાણ (ઉ.૨૩) ગત તા. ૨૭-૦૭ ના રોજ માળિયા હાઈવે પર જય માતાજી કેરિયરમાં હોય અને તેનું બાઈક હોન્ડા સ્ટનર જીજે ૩ ડી ઈ ૭૦૧૨ કીમત રૂ.૧૦૦૦૦ સૂર્ય ચેમ્બરના પાર્કીંગમાં હોય તે કોઈ અજાણ્યો ચોર ચોરી કરી લઇ ગયા હોવાની ફરિયાદ નોંધાવી છે

**લક્ષ્મીનગર ગામમાં યુવાનના બાઇકની ચોરી**

મોરબીના લક્ષ્મીનગર ગામે રહેતા બીમલભાઈ દુર્લભજીભાઈ સીતાપરા (ઉ.૩૩) નું બાઈક એચએફ ડીલક્સ જીજે ૩૬ એચ ૭૮૮૯ કીમત રૂ.૩૫૦૦૦ વાળું ગત તા,૦૭-૦૮ ના રોજ તેના ઘર પાસેથી કોઈ અજાણ્યો ઇસમ ચોરી કરી લઇ ગયો હોવાની ફરિયાદ મોરબી તાલુકા પોલીસમાં નોંધાઈ છે

# ભેળસેળ કરવાના કેસમાં વેપારીને એક વર્ષની કેદ

## ફુડ વિભાગે દરોડો પાડતા મોદક લાડુમાં પીળારંગની ભેળસેળ કરતા પકડાયો તો

રાજકોટ તા.૩

રાજકોટમાં ગાયત્રીનગર મેઈન રોડ પર આવેલ ફરસાણની દુકાનમાં મોદક લાડુમાં અમાન્ય પીળા રંગની ભેળસેળના કેસમાં વેપારી કનકભાઈ જયંતીલાલ હળવદિયાને મ્યુનિસિપલ અદાલતે એક માસની કેદની સજા ફટકારી છે. મનપાના ફૂડ ઓફિસર હિમાંશુ મોલીયાએ ગઈ તારીખ ૨૪/૯/ ૨૦૧૨ના રોજ ગાયત્રીનગર મેઈન રોડ વિસ્તાર ઢોલરીયા નગરમાં શક્તિ વિજય ફરસાણ નામની દુકાન ઉપર રેડ કરી હતી. ત્યાં વેચાણ માટે રાખેલા મોદક લાડુના નમૂના લીધા હતા. જે અંગે વડોદરાની ફૂડ લેબોરેટરીમાંથી નમૂનો અમાન્ય કલરની ભેળસેળયુક્ત હોવાનો રિપોર્ટ આવ્યો હતો. તેથી મનપા દ્વારા મ્યુનિસિપલ કોર્ટમાં કેસ દાખલ કરાયો હતો. જે કેસ ચાલી જતા અદાલતે વેપારી કનકભાઈ જયંતીલાલ હળવદિયાને મોદક લાડુની બનાવટમાં અમાન્ય પીળા રંગની ભેળસેળ સબબ મ્યુનિસિપલ જજ એન.આર. વાધવાણીએ સી.આર.પી.સી. કલમ ૨૪૮ (બે) અન્વયે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ (૫૮)ના ગુનામાં તકસીરવાર ઠરાવી એક માસની કેદ અને રૂપિયા પાંચ હજાર દંડનો હુકમ કર્યો છે. આ કામમાં મહાનગરપાલિકા વતી એડવોકેટ દિનેશ રાવલ રોકાયા હતા.

# વિછિયા તાલુકાને અસરગ્રસ્ત જાહેર કરવાની ઉઠતી માંગણી

## ખેડૂત આગેવાનો દ્વારા મામલતદારને આવેદન

જસદણ,તા.૩

વિંછીયા તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરોની માંગ સાથે કિસાન સંઘ અને ખેડૂત આગેવાનો દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું.

વિંછીયા તાલુકામાં ચાલુ વર્ષે માત્ર ૨ થી ૩ ઈંચ જ વરસાદ નોંધાયો છે. છતાં વહીવટી તંત્ર દ્વારા પુરતો વરસાદ પડ્યો હોવાના આંકડા આપી વિંછીયા પંથકના કિસાનો સાથે અન્યાય કરેલ છે. જેથી વરસાદના ખરેખર આંકડા લઈ વહેલી તકે વિંછીયા તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે કિસાન સંઘના જાલાભાઈ રાતડીયા, રમેશભાઈ અને ફુલાભાઈ સહિતના ખેડૂત આગેવાનો દ્વારા વિંછીયા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં તેમણે જણાવ્યું હતું કે, વિંછીયા પંથકમાં એકપણ તળાવ, નદી કે ચેકડેમમાં પાણીનું ટીપું પણ નથી આવ્યું. છતાં સરકારને વરસાદના



(તસવીરઃ કૃણાલ પોપટ)

ખોટા આંકડા આપી ખેડૂતો સાથે મશ્કરી કરવામાં આવી હોય તેવું લાગી રહ્યું છે. જેથી વિંછીયા તાલુકાના આજદિન સુધીના વરસાદના સાંચા આંકડા સરકારને આપી તાલુકાને વહેલી તકે અછતગ્રસ્ત જાહેર કરવામાં આવે તેવી કિસાન સંઘ અને ખેડૂત આગેવાનો દ્વારા અંતમાં માંગ કરવામાં આવી હતી.


**નામ બદલાવેલ છે**

મારૂ નામ હિરાણી જયાગૌરી કાનજી મારા પતી કનુભાઇ વલ્લભભાઇ કાનાણી તથા રેસીડેન્ટ એડ્રેસ રામદેવપીર મંદિર પાસે, ગોકુળપરા, બગસરા, અમરેલી, ગુજરાત ૩૬૫ ૪૪૦. હવે ફેરવેલું નવું નામ કાનાણી જયાબેન કનુભાઇ તથા મારૂ કાયમી માટે સરનામુ ઉપર મુજબ જ છે

**કાનાણી જયાબેન કનુભાઇ**



**જાહેર નિવિદા નં. ૭ (૨૦૨૧-૨૨)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, શહેર (મકાન) પેટા-વિભાગ, રાજકુમાર કોલેજ સામે, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧ ફોન નં. ૨૪૬૫૫૭૩ ફેક્સ નં.૦૨૮૧-૨૪૬૩૫૯૯ની કચેરી દ્વારા ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ ખાતાનાં કોન્ટ્રાકટરોની માન્ય યાદીની ઈ-૨ કલાસ અને ઉપરની શ્રેણીમાં નોધાયેલા કોન્ટ્રાકટરો / આસામીઓ પાસેથી રૂા.૦.૬૫ લાખના એક કામનાં ટેન્ડરો માંગવામાં આવે છે. જે કામોના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ ૧૪.૦૯.૨૦૨૧ (૧૬:૦૦ કલાક) સુધી તથા ભરેલા ટેન્ડરો પરત કરવાની છેલ્લી તારીખ ૨૨.૦૯.૨૦૨૧ કચેરી સમય સુધી છે. આ કામની વિગતવાર નોટીસ અંગેની વધુ માહિતી માટે કચેરીનાં સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક સાધવાથી મેળવી શકાશે.

(રાજ/માહિતી/ ૭૩૧ /સને ૨૦૨૧-૨૨)



**જાહેર નોટીસ**

મ.ન.પા.જૂ./એન્જી.જા.નં.૮૩૭ તા.૦૩/૦૯/૨૦૨૧

જુનાગઢ શહેરના વિકાસની સાથોસાથ વાહન વ્યવહારમાં પણ ખુબ જ વધારો થયેલ છે. આ વાહન વ્યવહારના વધારાને કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યાને સરળ કરવા માટે સરકારશ્રીના નિર્દેશ અન્વયે ગુજરાતના દરેક શહેરમાં સુવ્યવસ્થિત પાર્કિંગ પોલીસી બનાવવા અંગે કહેવામાં આવેલ છે. જુનાગઢ મહાનગરપાલિકાએ આ બાબતે જુનાગઢ સીટી માટે સુચિત પાર્કિંગ બાયલોઝ તથા સુચિત પાર્કિંગ પોલીસી બનાવવામાં આવેલ છે. આ બાબતની પ્રસિધ્ધી રાજય સરકારશ્રીના અસાધારણ રાજય પત્રમાં પણ કરવામાં આવેલ છે.

ઉકત પાર્કિંગ પોલીસી અંગે કોઈપણ વાંધો લેવાનો હોય અથવા કોઈને સુચન કરવાનું હોય, તેઓએ આ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખ ૦૩/૦૯/૨૦૨૧ થી તારીખ ૦૨/૧૦/૨૦૨૧ દિવસ-૩૦(ત્રીસ) માં લેખિત વાંધા સુચનો "સ્વામી વિવેકાનંદ ભવન" આઝાદ ચોક જુનાગઢ અથવા ઓનલાઈન વાંધા સુચનો www.municipal corporationjund@yahoo.co.in માં મોકલવા આથી જાણ કરવામાં આવે છે.

સદરહું સુચિત પાર્કિંગ પોલીસીના બાયલોઝ તથા સુચિત પાર્કિંગ પોલીસી જુનાગઢ મહાનગરપાલિકાની વેબસાઈટ www.municipalcorporationjund@yahoo.co.in પર તથા રૂમ નં.૧૨૧, ટાઉન પ્લાનીંગ વિભાગ, "સ્વામી વિવેકાનંદભવન" આઝાદ ચોક જુનાગઢ ખાતે કચેરીના સમય દરમિયાન જોવા માટે રાખવામાં આવેલ છે.

(રાજેશ એમ.તન્ના IAS)
કમિશનર
મહાનગરપાલિકા,જૂનાગઢ

(માહિતી/જુના/જા.ખ./૪૭૨/૨૧)



ESSAR SHIPPING

**ESSAR SHIPPING LIMITED**

**Reg. Office:** EBTSL Premises, ER-2 Building (Admn. Building) Salaya, 44 KM, P.B. No 7, Taluka Khambhalia, Devbhumi Dwarka, Khambhalia, Jamnagar, Gujarat - 361305.
**CIN No.:** L61200GJ2010PLC060285
**Email Id:** esl.secretarial@essarshipping.co.in, **Website:** www.essar.com
**Corporate office:** Essar House, 11, K.K. Marg, Mahalaxmi Mumbai - 400034.

**NOTICE TO THE MEMBERS OF THE COMPANY REGARDING 11TH ANNUAL GENERAL MEETING TO BE HELD THROUGH VC/OAVM**

Notice is hereby given that the 11th Annual General Meeting ('AGM') of the members of Essar Shipping Limited ('Company') will be convened on Wednesday, September 29, 2021 at 3:00 p.m. IST through Video Conferencing ('VC') / Other Audio Visual Means ('OAVM') in compliance with the applicable provisions of the Companies Act, 2013 ('Act') & Rules framed thereunder and the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 read with General Circular Nos. 14/2020, 17/2020 and 20/2020 dated April 08, 2020, April 13, 2020 and May 05, 2020 respectively, issued by the Ministry of Corporate Affairs ('MCA Circulars') and Circular No. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 dated May 12, 2020 issued by the Securities and Exchange Board of India ('SEBI Circular') to transact the business as set forth in the AGM Notice.

The Notice of the 11th AGM along with the Annual Report for the financial year 2020-2021 will be sent only by email to all those Members, whose email addresses are registered with the Company or with their respective Depository Participants, in accordance with the MCA Circulars and the SEBI Circular. Members who have not registered their e-mail addresses with the Depositories/Company/Registrar and Share Transfer Agent ('RTA'), so far, may contact Ms. Jyotsna Gupta, on member@essarshipping.co.in or 022 66601100 for registering their e-mail ids on or before 05.09.2021 for entitling the members to cast their vote. The Company shall send the Notice to such members whose e-mail ids get registered within the aforesaid time enabling them to participate in the meeting and cast their votes.

Members can participate in the 11th AGM through VC/OAVM only. Necessary arrangements have been made by the Company with National Securities Depository Limited (NSDL) to facilitate e-Voting. The instructions for joining the 11th AGM and the manner of participation in the remote e-voting or casting vote through the e-voting system during the 11th AGM are provided in the Notice of the 11th AGM. Members participating through the VC/OAVM shall be counted for the purpose of reckoning the quorum under Section 103 of the Act. The facility for joining the meeting shall be kept open at least 15 minutes before the time scheduled, and shall not be closed till expiry of 15 minutes after such scheduled time.

The Notice of the 11th AGM along with Annual Report will also be available on the website of the Company i.e. www.essar.com, websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com respectively and on the website of NSDL at www.evoting.nsdl.com

Notice is also hereby given that pursuant to section 91 of the Companies Act, 2013 and Regulation 42 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations 2015, the Register of Members and Share Transfer Books of the Company will remain closed from Thursday, September 23, 2021 to Wednesday, September 29, 2021 (both days inclusive).

This Notice is being issued for the information and benefit of the Members of the Company in compliance with the MCA Circulars and the SEBI Circular.

For **Essar Shipping Limited**
Sd/-
**Capt. Subimal Mahato**
**Whole time Director**
**DIN: 08867107**

**Date:** September 04, 2021
**Place:** Mumbai

